For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


### યોગેશ પટેલના ગઢમાં 'આયાતી' ઉમેદવારનો પ્રયોગ કેટલો સફળ થશે? રાજકીય વર્તુળોમાં અનેક અટકળો

# પાલિકાની ચૂંટણીમાં હારેલા ઉમેદવાર સતિષ પટેલને ટિકિટ મળતાં સોશિયલ મીડિયા પર ભારે વિરોધ

**૧૦૪** સ્થાનિક દાવેદારોની ઘોર અવગણનાથી કાર્યકરોમાં ગણગણાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

રાજકારણમાં ક્યારે શું થાય તે વિધાતા પણ નથી જાણી શકતા, અને જો વાત ભારતીય જનતા પાર્ટીની હોય તો સરપ્રાઈઝ માટે હંમેશા તૈયાર જ રહેવું પડે. વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં પણ ભાજપ હાઈકમાન્ડે ફરી એકવાર 'ચોંકાવનારો' માસ્ટરસ્ટ્રોક મારીને સ્થાનિક નેતાઓ અને કાર્યકરોને ધોળા દિવસે તારા બતાવી દીધા છે. સ્વર્ગસ્થ યોગેશ પટેલના નિધન બાદ ખાલી પડેલી આ બેઠક પર ટિકિટ મેળવવા માટે સ્થાનિક નેતાઓએ તનતોડ મહેનત કરી હતી. પાર્લામેન્ટ્રી બોર્ડ તરફ મીટ માંડીને બેઠેલા માંજલપુરના સ્થાનિક કાર્યકરો આશા રાખતા હતા કે આ ટૂંકા ગાળાની ટર્મ માટે કોઈ લોકલ કાર્યકરનો લોટરી લાગશે. પરંતુ, હાઈકમાન્ડે સ્થાનિક કાર્યકરોની અપેક્ષાઓ પર ઠંડુ પાણી ફેરવીને, માંજલપુરથી જોજનો દૂર વિપરીત વિધાનસભા વિસ્તાર એટલે કે છાણીના રહેવાસી અને મનપાના પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન સતિષ પટેલને ટિકિટ પધરાવી દીધી છે.



માંજલપુરની ગલીઓમાં અત્યારે એ ચર્ચાએ જોર પકડ્યું છે કે, પક્ષમાં આટલી મોટી 'અવગણના' કેમ? વિધાનસભાની આ ટર્મ પૂર્ણ થવામાં માંડ એકાદ વર્ષ બાકી છે, છતાં ચૂંટણી લડવાના કોડ સાથે સેન્સ પ્રક્રિયામાં ૧૦૪ જેટલા હોંશીલા ઉમેદવારોએ લાઈન લગાવી હતી. ૮૩ પુરુષો અને ૨૧ મહિલા દાવેદારો દિવસ-રાત એક કરીને ગાંધીનગર-દિલ્હી સુધી આંટાફેરા મારતા હતા. પરંતુ રાજકીય વર્તુળોમાં સૌથી વધુ આશ્ચર્ય એ વાતનું છે કે, ભાજપે માંજલપુરના આ ગઢને સાચવવા માટે એક એવા ચહેરા પર દાવ ખેલ્યો છે જે અગાઉ કોર્પોરેશનની ચૂંટણી પણ હારી ચૂક્યા છે! કોર્પોરેશનની ચૂંટણીમાં જનતાએ જેમને નહોતા સ્વીકાર્યા, તેમને સીધા ધારાસભ્ય બનાવવા માટે માંજલપુર મતવિસ્તાર ભેટ ધરી દેવાયો છે.

ચૂંટણી પંચે ૦૬ જુલાઈ ૨૦૨૬ના રોજ જાહેરનામું બહાર પાડીને ૩૦ જુલાઈએ મતદાન અને ૦૩ ઓગસ્ટે પરિણામની તારીખો તો નક્કી કરી દીધી છે, અને વહીવટી તંત્રે પણ ૧૮ નોડલ ઓફિસરો ગોઠવી દીધા છે. પરંતુ ભાજપના આંતરિક વર્તુળોમાં અત્યારે નોડલ ઓફિસરો કરતાં વધુ ચર્ચા પક્ષના આ અકળ નિર્ણયની છે. સ્વર્ગસ્થ યોગેશ પટેલ ૨૦૧૭ અને ૨૦૨૨માં જે બેઠક પર પ્રચંડ લીડથી જીતતા આવ્યા હતા, તે માંજલપુરના ગઢમાં 'આયાતી' ઉમેદવારનો આ પ્રયોગ કેટલો સફળ રહેશે તે તો સમય જ બતાવશે. હાલ પૂરતું તો, માંજલપુરના સ્થાનિક કાર્યકરો પક્ષ શિસ્તના નામે મોઢા પર આંગળી મૂકીને, છાણીના ઉમેદવાર માટે પરસેવો પાડવાની ફરજિયાત તૈયારી કરી રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

### પ્રોસેસિંગ ફી અને ફ્રન્ટ ચાર્જના નામે રકમ વસૂલી

# અમેરિકાની બેંકમાંથી રૂ.૪ કરોડની લોનની લાલચ આપી વેપારી સાથે રૂ.૧૭.૭૧ લાખની છેતરપિંડી

**ગોત્રીના** વેપારીને ખોટા દસ્તાવેજો આપ્યા; પરત આપેલા બંને ચેક બાઉન્સ થતાં ગોત્રી પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 10

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા સ્ટીલના વેપારી સાથે અમેરિકાની કથિત બેંકમાંથી રૂ.4 કરોડની બિઝનેસ લોન અપાવવાનું લાલચ આપી રૂ.17.71 લાખ પડાવી છેતરપિંડી આચરવામા આવી છે. આરોપીએ લોન મંજૂર કરાવવાના નામે પ્રોસેસિંગ ફી અને અન્ય ચાર્જ તરીકે મોટી રકમ વસૂલ્યા બાદ ખોટા દસ્તાવેજો આપ્યા હતા. એટલું જ નહીં રકમ પરત આપવા માટે આપેલા બંને ચેક પણ બાઉન્સ થતાં આખરે વેપારીએ પોલીસનો સહારો લીધો છે.

ગોત્રી વિસ્તારમા આવેલી મધુવન વાટિકા ખાતે રહેતા અને બાલાજી હોસ્પિટલ નજીક 'શ્રીજી આસ્થા એવન્યુ' ખાતે સ્ટીલનો વ્યવસાય કરતા આદિત્ય નિતીનભાઈ પારેખને ધંધાના વિસ્તરણ માટે મૂડીની જરૂર હતી. ડિસેમ્બર-2022 દરમિયાન તેમની મુલાકાત માંજલપુરના રહેવાસી રાકેશકુમાર જગદીશચંદ્ર ઠાકોર સાથે થઈ હતી. અગાઉ પણ આરોપીએ લોનની વ્યવસ્થા કરાવી આપી હોવાથી તેના પર વિશ્વાસ મૂક્યો હતો.

આરોપીએ અમેરિકાની એસ.ડી.ટી.બી. બેંક ટેક્સાસમાંથી છથી આઠ મહિનામાં રૂ.4 કરોડની બિઝનેસ લોન મંજૂર કરાવી આપવાનું વચન આપ્યું હતું. ત્યારબાદ જરૂરી દસ્તાવેજો મેળવી પ્રોસેસિંગ ફી અને ફ્રન્ટ ફીના નામે રૂ.17.71લાખ વસૂલ્યા હતા. ઠગો દ્વારા વેપારી સાથે એગ્રીમેન્ટ પણ કરવામાં આવ્યું હતું અને તેમની પાસેથી કરોડો રૂપિયાના પોસ્ટ-ડેટેડ ચેક પણ લેવામાં આવ્યા હતા.

જોકે નક્કી કરેલા સમયગાળા બાદ પણ લોન મંજૂર ન થતાં વેપારીએ તપાસ શરૂ કરી હતી. આરોપી પાસે બેંકના પુરાવા માંગતાં તેણે ઈ-મેઈલ મારફતે એસ.ડી.ટી.બી. સ્વિસ ડિજિટલ ટ્રસ્ટ બેંકના નામે દસ્તાવેજો મોકલ્યા હતા. વેપારીએ ઓનલાઈન તપાસ કરતાં આવી કોઈ બેંક અસ્તિત્વમાં જ ન હોવાનું જાણવા મળ્યું હતું.

બાદમાં આરોપીએ રૂપિયા પરત આપવાના બહાને રૂ.17.71 લાખના બે ચેક આપ્યા હતા, પરંતુ બંને ચેક બેંકમાં ડિપોઝિટ કરતાં બાઉન્સ થયા હતા. જેના કારણે વેપારીએ અગાઉ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ-138 હેઠળ કોર્ટમાં કાર્યવાહી શરૂ કરી હતી. હવે આરોપીએ ખોટા અને બનાવટી દસ્તાવેજોના આધારે રૂપિયા પડાવી લીધા અને પરત ન આપી ચૂનો ચોપડવામાં આવ્યો હોય ગોત્રી પોલીસે છેતરપિંડી સહિતના ગુનાઓ હેઠળ ફરિયાદ નોંધી વધુ આરોપીને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

# તાપમાન ૩૫.૨ ડિગ્રી પહોંચતાં ગરમી-બફારાથી લોકો અકળાયા

**હાલ** ભારે વરસાદની શક્યતા નહીં, ૧૬થી ૧૯ જુલાઈ દરમિયાન ફરી વરસાદી માહોલ સક્રિય થવાની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસેલા ભારે વરસાદ બાદ હવે ચોમાસાની ગતિ ધીમી પડી છે. તેની અસર વડોદરા શહેરમાં પણ જોવા મળી રહી છે. શુક્રવારે શહેરમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો નહોતો, જેના કારણે ગરમી અને બફારાનું પ્રમાણ વધી જતાં લોકોને અસહજતાનો અનુભવ થયો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ વડોદરામાં મહત્તમ તાપમાન 35.2 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 28.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારે હવામાં ભેજનું પ્રમાણ 78 ટકા જ્યારે સાંજે 65 ટકા નોંધાયું હતું. ચાલુ ચોમાસામાં અત્યાર સુધી શહેરમાં સરેરાશ 154.88 મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલ રાજ્યમાં ક્યાંય પણ અતિભારે કે ભારે વરસાદની સંભાવના નથી. આગામી બે દિવસ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. મધ્યમ ગાળાની આગાહી અનુસાર 16થી 19 જુલાઈ દરમિયાન રાજ્યમાં ફરી વરસાદી સિસ્ટમ સક્રિય બનવાની શક્યતા છે. આ સમયગાળા દરમિયાન કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. બીજી તરફ વરસાદમાં આવેલા વિરામને કારણે ખેડૂતો પણ આગામી વરસાદની રાહ જોઈ રહ્યા છે, જ્યારે શહેરમાં ગરમી અને ભેજના કારણે બપોરના સમયે રસ્તાઓ પર અવરજવર પણ ઓછી જોવા મળી હતી. હવામાનમાં થતા સતત ફેરફારોને કારણે લોકોને જરૂરી સાવચેતી રાખવા અને ગરમીથી બચવા પૂરતું પાણી પીવાની સલાહ આપવામાં આવી છે.

### ચોમાસામાં કાદવ-કીચડને કારણે સોસાયટીમાં એમ્બ્યુલન્સ કે સ્કૂલવાન આવવાની પણ મનાઈ

# ૭ વર્ષથી પાકા રસ્તાથી વંચિત ભાયલીની આકાર રેસિડેન્સીના રહીશોનો પાલિકા સામે મોરચો

**જો કામ** નહીં થાય તો ૧૫૦ રહીશો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી




(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ભાયલી ટીપી-૨ માં આવેલા 'આકાર રેસિડેન્સી'ના રહીશોની ધીરજ આખરે ખૂટી છે. છેલ્લા સાત-સાત વર્ષથી પાકા રસ્તાની પાયાની સુવિધા માટે વલખાં મારતા ૧૫૦થી વધુ મહિલા અને પુરુષોએ આજે મહાનગરપાલિકાની વોર્ડ નંબર ૧૦ની કચેરી ખાતે મોરચો માંડ્યો હતો. તંત્રની ઘોર બેદરકારી સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કરી રહીશોએ પોતાનો રોષ ઠાલવ્યો હતો.

રહીશોએ આક્ષેપ કર્યો હતો કે, સોસાયટીના બિલ્ડર દ્વારા મંજૂર કરાયેલા પ્લાન અને નકશામાં પાકો રોડ સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યો છે, તેમ છતાં વડોદરા મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આજદિન સુધી રસ્તાનું કામ હાથ ધરવામાં આવ્યું નથી. સાત વર્ષનો લાંબો સમય વીતી ગયો હોવા છતાં રહીશો પ્રાથમિક સુવિધાથી વંચિત છે.

ચોમાસાની શરૂઆત સાથે જ સોસાયટીનો માર્ગ કાદવ-કીચડમાં ફેરવાઈ ગયો છે. આ બદતર સ્થિતિને કારણે સ્કૂલવાન, રિક્ષા અને ઓનલાઈન ટેક્સી ચાલકોએ સોસાયટીમાં આવવાની સ્પષ્ટ ના પાડી દીધી છે, પરિણામે બાળકોના શિક્ષણ અને નોકરિયાતોની દિનચર્યા ખોરવાઈ ગઈ છે.

તાજેતરમાં જ એક રહીશની મોટરસાઈકલ કાદવમાં સ્લિપ થતાં તેઓ ગંભીર રીતે પટકાયા હતા, જેમાં તેમને આંખના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું છે. આ ઘટનાએ રહીશોમાં પાલિકાની નિષ્ક્રિયતા સામે ભારે આક્રોશ જન્માવ્યો છે.

વોર્ડ ઓફિસે રજૂઆત કરવા પહોંચેલા રહીશોએ પાલિકાના અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી છે કે, જો તાત્કાલિક ધોરણે પાકો રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે અને તેની સંપૂર્ણ જવાબદારી પાલિકા તંત્રની રહેશે.

# પ્રતિબંધીત ઉર્મી બ્રિજ પર ચઢેલી બસને નાગરિકોએ પાછી ફેરવી

**તંત્રથી** ત્રસ્ત લોકો હવે જાતે જ ટ્રાફિક નિયમોનો અમલ કરાવી રહ્યા



(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા શહેરના ઊર્મિ બ્રિજના પ્રવેશદ્વાર પર ફરી એકવાર ટ્રાફિક નિયમોનો ભંગ થયો હતો. બ્રિજ પર મોટા વાહનો માટે પ્રવેશ બંધ હોવા છતાં એક સરકારી બસ અંદર પ્રવેશી ગઈ હતી.

બસને અંદર જતી જોઈને સ્થળ પર હાજર જાગૃત નાગરિકોએ તાત્કાલિક દરમિયાનગીરી કરી હતી. નાગરિકોના વિરોધ બાદ બસ ચાલકને બસ પાછી લઈ જવાની ફરજ પડી હતી. ઊર્મિ બ્રિજ પર ખાનગી અને સરકારી બંને પ્રકારની બસો તેમજ અન્ય ભારે વાહનો બેરોકટોક અવરજવર કરતા હોવાની ફરિયાદો અવારનવાર ઉઠતી રહી છે. તંત્ર દ્વારા કોઈ કડક કાર્યવાહી ન થતાં હવે સામાન્ય લોકોએ જ આગળ આવીને નિયમોનું પાલન કરાવવાનું શરૂ કર્યું છે. આ ઘટનાએ તંત્રની બેદરકારી અને દેખરેખના અભાવને ફરી ઉજાગર કર્યા છે. સ્થાનિકોની માંગ છે કે બ્રિજ પર કાયમી પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરા દ્વારા મોનિટરિંગ કરવામાં આવે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકે.

### વડોદરા જિલ્લામાં અલગ-અલગ વિસ્તારમાં આત્મહત્યાના બે કરુણ બનાવ

# બીમારીથી કંટાળેલી મહિલાએ ધાબા પરથી છલાંગ લગાવી મોત વ્હાલું કર્યું

**ડબકા** ગામે યુવકે ઝેરી દવા ગટગટાવી મોતને વહાલુ

(પ્રતિનિધિ) વડોદરા તારીખ 10

વડોદરા જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં આત્મહત્યાના બે કરુણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા છે. વરણામા ખાતે લાંબા સમયથી વિવિધ બીમારીઓથી પીડાતી એક આધેડ મહિલાએ ધાબા પરથી કૂદીને જીવન ટૂંકાવ્યું, જ્યારે પાદરા તાલુકાના ડબકા ગામે પિતાના ઠપકાથી મનદુઃખ લાગતાં યુવકે ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. બંને બનાવોમાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં બંને બનાવ પાછળ અંગત કારણો જવાબદાર હોવાનું સામે આવ્યું છે, જોકે પોલીસે તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ આગળ વધારી છે.

પ્રથમ બનાવ વરણામા પોલીસ સ્ટેશન હેઠળના કેલનપુર ગામની અક્ષર સિટી સોસાયટીમાં બન્યો હતો. અહીં રહેતા 52 વર્ષીય રામીલાબેન હરસિંગભાઈ રાઠવા છેલ્લા ઘણા સમયથી થાઈરોઈડ, બ્લડ પ્રેશર તેમજ મગજની બીમારીથી પીડાતા હતા. સતત રહેતી બીમારીને કારણે તેઓ શારીરિક અને માનસિક રીતે કંટાળી ગયા હતા. અંતે તેમણે પોતાના મકાનના બીજા માળના ધાબા પરથી નીચે કૂદી આત્મહત્યા કરી હતી. ગંભીર ઈજાઓના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવ અંગે તેમના પુત્ર ભાવેશભાઈ રાઠવાએ પોલીસને જાણ કરતાં વરણામા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજો બનાવ વડુ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પાદરા તાલુકાના ડબકા ગામે બન્યો હતો. 30 વર્ષીય રમેશભાઈ સુરસિંગભાઈ સોલંકી કોઈ કામધંધો કરતા ન હોવાથી તેમના પિતાએ તેમને ઠપકો આપ્યો હતો. આ વાત મનમાં લાગી આવતા રમેશભાઈએ પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. તબિયત બગડતાં તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે વડુ સરકારી દવાખાનામાં અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે વડુ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સમગ્ર ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

# પાદરા પોલીસ સ્ટેશનના લાંચિયા પીઆઈ ચારણના જામીન નામંજુર

**લવ જેહાદના** કેસમાં પીઆઈ વતી રૂપિયા લેતા વચેટીયો એસીબીના છટકામાં ઝડપાઈ ગયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

લવ જેહાદના કેસમાં કાયદેસરની કાર્યવાહી નહીં કરવા માટે પાદરા પોલીસ સ્ટેશનના તત્કાલીન પી.આઈ વિજયકુમાર ચારણે લાંચ માગી હતી જેમાંથી અધિકારી વતી લાંચના રૂપિયા 2 લાખ સ્વીકારતા વચ્ચેટીયો એસીબીના છટકામાં રંગે હાથ ઝડપાઈ ગયો હતો. જેમાં વચ્ચે તેની ધરપકડ કરાઈ જેલ ભેગો કરાયો છે જ્યારે પીઆઈ હજુ વોન્ટેડ હોય ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજી કોર્ટમાં રજુ કરી હતી. પરંતુ કોર્ટે ગુનાની ગંભીરતા ને ધ્યાનમાં રાખીને તેમની જામીન અરજી નામંજૂર કરી છે.

વડોદરા શહેર એસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપી તરીકે નામ ધરાવતા પાદરા પોલીસ સ્ટેશનના તત્કાલીન પીઆઈ વિજયકુમાર અંબાદાન ચારણે જામીન માટે અરજી કરી હતી. અરજદાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે તેમણે કોઈ લાંચની માંગણી કે સ્વીકાર કરી નથી, તેમની પાસેથી કોઈ રકમ પણ મળી આવી નથી અને તપાસમાં સહકાર આપવા તેઓ તૈયાર છે. સાથે જ અન્ય આરોપી સામે ચાર્જશીટ દાખલ થઈ ચૂકી હોવાનું પણ રજૂ કરવામાં આવ્યું હતું.

બીજી તરફ સરકાર પક્ષે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે લવ જેહાદના કેસમાં કાર્યવાહી અટકાવવા માટે શરૂઆતમાં મોટી રકમની માંગણી કરવામાં આવી હતી, જે બાદ સમાધાનરૂપે રૂપિયા બે લાખની લાંચ નક્કી કરવામાં આવી હતી. એસીબીએ ગોઠવેલા ટ્રેપ દરમિયાન સહઆરોપી લાંચની રકમ સ્વીકારતા ઝડપાઈ ગયો હતો અને સમગ્ર ઘટનાક્રમ સંબંધિત ઓડિયો રેકોર્ડિંગ સહિતના પુરાવા તપાસમાં ઉપલબ્ધ છે.

### ઇન્શ્યોરન્સ કંપનીના અધિકારી બની ફોન કર્યો હતો

# પોલિસી બંધ કરાવવાના બહાને નિવૃત્ત મહિલા સાથે રૂ.૪.૯૯ લાખની ઠગાઈ

**એફડી** તોડાવી તબક્કાવાર રકમ ટ્રાન્સફર કરાવી, નકલી રસીદો મોકલી; સમા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 10

વડોદરાના ન્યૂ સમા વિસ્તારમાં રહેતી ઈલેક્ટ્રોનિક્સ એન્ડ મિકેનિકલ એન્જિનિયરિંગ (ઈએમઈ) આર્મીના નિવૃત્ત સુપરિન્ટેન્ડન્ટ સાથે મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસી બંધ કરાવી રૂપિયા પરત અપાવવાના બહાને સાયબર ઠગોએ રૂ.4.99 લાખથી વધુની છેતરપિંડી આચરી છે. ઠગોએ પોતાને ઈન્શ્યોરન્સ કંપનીના અધિકારી તરીકે ઓળખાવી વિશ્વાસમાં લીધા બાદ તબક્કાવાર અલગ-અલગ બેંક ખાતાઓમાં રકમ ટ્રાન્સફર કરાવી હતી. સમગ્ર મામલે પીડિત મહિલાએ સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ન્યૂ સમા વિસ્તારની રુદ્રાક્ષ રેસિડેન્સીમાં રહેતી લતા રવિન્દ્ર દાવડકરને 7 માર્ચના રોજ અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાનું નામ વિશાલ શર્મા જણાવી મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સની પોલિસી પર બોનસ ક્લેમ મળ્યો હોવાનું કહી અન્ય એક નંબર પર સંપર્ક કરવા જણાવ્યું હતું. ત્યારબાદ બીજા શખ્સે પોલિસી બંધ કરાવવાની પ્રક્રિયા માટે આધાર કાર્ડ, પાન કાર્ડ, બ્લેન્ક ચેક અને ઓટીપી સહિતની વિગતો મેળવી લીધી હતી.

દસ્તાવેજો મળ્યા બાદ ઠગોએ પોલિસી ક્લોઝર અને રિફંડ પ્રક્રિયાના બહાને અલગ-અલગ બેંક ખાતાઓમાં રકમ જમા કરાવવાનું શરૂ કરાવ્યું હતું. શરૂઆતમાં રૂ.52 હજાર મંગાવવામાં આવ્યા હતા. બાદમાં મહિલાએ પોતાની એક એફડી તોડીને રૂ.1.20 લાખ તથા બીજી એફડી તોડીને રૂ.2.95 લાખ એનઈએફટી મારફતે ટ્રાન્સફર કર્યા હતા. દરેક ચુકવણી બાદ મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સના નામે બનાવટી રસીદો વોટ્સએપ પર મોકલી વિશ્વાસ જાળવી રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ગીતા બેનરજી નામની મહિલા તરીકે ઓળખ આપનાર વ્યક્તિએ ફોર્મ અપલોડ કરવાના બહાને વધુ રકમની માંગણી કરી હતી. છેલ્લી ચુકવણી બાદ તમામ આરોપીઓએ ફોન બંધ કરી દીધા હતા. ત્યારબાદ મહિલાને છેતરપિંડીનો ભાન થતાં તેમણે સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. તપાસમાં વિશાલ શર્મા અને ગીતા બેનરજીના નામે ખોટી ઓળખ આપી કુલ રૂ.4.99 લાખથી વધુની રકમ પડાવી લેવાઈ હોવાનું સામે આવ્યું છે. સમા પોલીસે ગુનો નોંધી આરોપીઓનું પગેરું મેળવવા તપાસ તેજ કરી છે.

### જગન્નાથજીની રથયાત્રા પૂર્વે પાલિકા એક્શનમાં, તૈયારીઓની મેયરે કરી સમીક્ષા

# રથયાત્રાના રૂટ પર ખાડા પૂરવા, વૃક્ષોની ડાળીઓ કાપવા અને સ્ટ્રીટ લાઈટો કાર્યરત રાખવા સૂચના

**ભક્તોને** કોઈ મુશ્કેલી ન પડે તે માટે તમામ વિભાગોને સંકલનથી કામગીરી પૂર્ણ કરવા મેયરનો નિર્દેશ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૦

વડોદરા શહેરમાં આગામી અષાઢી બીજના પવિત્ર અવસરે ભગવાન જગન્નાથજીની પરંપરાગત અને ભવ્ય રથયાત્રા નીકળનાર છે. આ રથયાત્રા અત્યંત શાંતિપૂર્ણ, સુરક્ષિત અને સુનિયોજિત રીતે સંપન્ન થાય તે માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ યુદ્ધના ધોરણે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રથયાત્રાના રૂટ પર કરવામાં આવતી વિવિધ વ્યવસ્થાઓ અને તૈયારીઓની સમીક્ષા કરવા માટે આજે પાલિકાની વડી કચેરી ખાતે મેયર ગીતાબેન મકવાણાના અધ્યક્ષસ્થાને એક મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી.

બેઠકમાં ડેપ્યુટી કમિશનર, ડેપ્યુટી મેયર સહિતના ઉચ્ચ પદાધિકારીઓ અને વિવિધ વિભાગના વડાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મેયર દ્વારા રથયાત્રાના રૂટ પર આવતી પાયાની સુવિધાઓને લઈને ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી.

રથ પસાર થવામાં કોઈ અવરોધ ન આવે તે માટે રૂટ પર નડતરરૂપ વૃક્ષોની ડાળીઓનું તાત્કાલિક ટ્રિમિંગ કરી દેવા સૂચના આપવામાં આવી છે. રથયાત્રાના સમગ્ર રૂટ પર આવેલા ખાડાઓનું તાત્કાલિક પેચવર્ક કરી રસ્તાઓ સત્વરે દુરસ્ત કરવાના આદેશ અપાયા છે. રૂટ પરની તમામ સ્ટ્રીટ લાઈટો કાર્યરત રહે અને સમગ્ર રૂટ પર સફાઈની ઉત્તમ વ્યવસ્થા જળવાય તે માટે જવાબદાર વિભાગોને તકેદારી રાખવા જણાવાયું છે.

બેઠક બાદ મેયર ગીતાબેન મકવાણાએ જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથજીની રથયાત્રા વડોદરાના નાગરિકો માટે આસ્થા અને શ્રદ્ધાનો મોટો ઉત્સવ છે. ભક્તોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે અને રથયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે પાલિકાના તમામ વિભાગોને પરસ્પર સંકલન સાધીને કામ કરવા સૂચના આપી દેવામાં આવી છે.

# સોમા તળાવ બ્રિજ પાસે ગાંજાના જથ્થા સાથે કેરિયર ઝડપાયો

**એક્ટીવામાં** રાખીને ગાંજાનું વેચાણ કરતો હતો ત્યારે જ કપુરાઈ પોલીસે રેડ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા શહેરમાં નશાકારક પદાર્થોના વેચાણ અને હેરાફેરી થતી રહેતી હોય છે ત્યારે કપુરાઈ પોલીસે સોમા તળાવ બ્રિજ નજીક દરોડો પાડી પોલીસે 558 ગ્રામ ગાંજાના જથ્થા સાથે કેરિયરને ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી ગાંજો, પેકિંગ માટેની સામગ્રી અને એક્ટિવા મળી રૂ. 77 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જ્યારે ગાંજો સપ્લાય કરનાર સુરતનો એક શખ્સ હાલ ફરાર હોવાનું બહાર આવ્યું છે.

વડોદરા શહેરના કપુરા વિસ્તારમાં પીઆઈ ડી.સી. રાઓલના દ્વારા પોલીસ સ્ટાફને NDPSના ગુનાઓ શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. તે દરમિયાન પીએસઆઈ એલ.એન. સાંસલા અને પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ જેમલભાઈને બાતમી મળી હતી કે સોમા તળાવ બ્રિજ ચઢતા પહેલાં ભંગારની દુકાન સામે લાલસિંહ ઉર્ફે લાલો કરણસિંહ ઉર્ફે કનુ રાઠોડ નામનો શખ્સ કાળા રંગની એક્ટિવામાં ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરી રહ્યો છે.

બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી કાયદેસરની કાર્યવાહી સાથે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપી પાસેથી 558 ગ્રામ વનસ્પતિજન્ય સુકો માદક પદાર્થ ગાંજો, પેકિંગ માટે ઉપયોગમાં લેવાયેલી પ્લાસ્ટિકની થેલીઓ, સ્ટેપલર પીન તેમજ ગાંજાના પરિવહન માટે ઉપયોગમાં લેવાયેલી એક્ટિવા મળી રૂ. 77 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ નવા વિકાસ કામો અને પ્રોજેક્ટ મંજૂરી પર બ્રેક

# માંજલપુર પેટાચૂંટણીની આચારસંહિતાની અસર સ્ટેન્ડિંગની બેઠકમાં કોઈ નીતિગત નિર્ણય નહીં

**માત્ર** ઓડિટ રિપોર્ટની નોંધ લઈ કાર્યવાહી પૂર્ણ, ચૂંટણી સુધી મર્યાદિત રહેશે કામકાજ



(પ્રતિનિધિ) વડોદરા, તા.10:

વડોદરામાં માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી જાહેર થતાં જ ચૂંટણી આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. તેની સીધી અસર વડોદરા મહાનગરપાલિકાના વહીવટ પર જોવા મળી રહી છે. આચારસંહિતાના કારણે શુક્રવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની મહત્વની બેઠકમાં કોઈ પણ નીતિવિષયક નિર્ણય લેવામાં આવ્યો નહોતો.

ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ આચારસંહિતા અમલમાં હોવાથી સરકાર કે મહાનગરપાલિકા દ્વારા નવા વિકાસ કામો, કરોડો રૂપિયાના પ્રોજેક્ટ, ટેન્ડર અથવા નીતિગત ફેરફારોને મંજૂરી આપી શકાતી નથી. જેના કારણે એજન્ડા પરના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા થવાની હોવા છતાં નિર્ણય પ્રક્રિયા અટકાવી દેવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટીના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે માંજલપુર પેટાચૂંટણીને ધ્યાનમાં રાખી તમામ કામગીરી ચૂંટણી નિયમોના દાયરામાં જ કરવામાં આવી રહી છે. આથી બેઠકમાં માત્ર મ્યુનિસિપલ કમિશનર દ્વારા રજૂ કરાયેલા ઓડિટ રિપોર્ટની નોંધ લેવામાં આવી હતી અને ત્યારબાદ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

આચારસંહિતાના અમલને કારણે નવા વિકાસ પ્રોજેક્ટ, ટેન્ડર પ્રક્રિયા અને નીતિગત નિર્ણયો પર અસ્થાયી અસર પડશે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્ટેન્ડિંગ કમિટીનું કામકાજ નિયમો મુજબ મર્યાદિત રહેશે અને માત્ર નિયમિત વહીવટી કામગીરી જ હાથ ધરવામાં આવશે.